Saarth E-Journal

Saarth E-Journal of Research

E-mail : sarthejournal@gmail.com
www.sarthejournal.com

ISSN NO : 2395-339X
Peer Reviewed
Vol.7 No.09

Impact Factor
Quarterly
Apr-May-June 2022

# અનુઆધુનિક ગુજરાતી ટૂંકી વાર્તાઓમાં નારી જીવન

ડૉ. રાજેન્દ્રકુમાર કે . મકવાણા

**સારાંશ:**

અનુઆધુનિક ગુજરાતી ટૂંકી વાર્તાઓમાં નારીવાદી સાહિત્ય પોતાના પુરા બળ સાથે માથુ ઊંચું કરે છે. ગુજરાતી લેખકોએ પોતાના મનોવલણો, સમસ્યાઓ, અંતરની વેદનાઓ વગેરેને પુરા સામર્થ્ય સાથે ગુજરાતી સાહિત્યને નવું જોમ પુરુ પાડયું છે. 'બત્રીસ પુતળીની વેદના', 'ઈમેજ', 'માટીનું ઘર','વડનાવલ', પાઉંનો ટુકડો, ટકી જવું, અછાંદસ,રૂપના ટુકડા,ગઝલ,આત્માના ટુકડા,ટૂંકી સમજ, ગિત,ગીત, તૂટી ગયો, વગેરેજેવી અનેક ગુજરાતી સાહિત્યકૃતિઓમાં નારીવાદી વલણો એક સાહિત્યિક રચનાને સમૂળગા ધારણ કરીને નવો જ વળાંક આપ્યો છે. સ્ત્રી વ્યકિત છે, તેને પોતાના આગવા વિચાર, વલણ, ભાવ પ્રતિભાવ હોઇ શકે છે, તેનો સ્વીકાર નારીવાદના મૂળમાં છે. ગુજરાતી ટૂંકી વાર્તાઓમાં પણ એક નારીના જીવનની વ્યથાઓ, વેદનાઓ, વિચારો અને ક્રમશ: નારીના જીવનની બદલાતી જતી ભૂમિકાઓ વગેરેને લઇ અનેક તાદ્રશ્યપૂર્ણ કૃતિઓ ગુજરાતી લેખકોએ ગુજરાતી સાહિત્યને અને સમાજને આપી છે.

ચાવીરૂપ શબ્દો: પરિચય,ટૂંકી વાર્તાઓ, નારી સંવેદના,કથા સર્જન,ગુજરાતી સાહિત્ય

**પ્રસ્તાવના:**

બ્રહ્માંડની ઉત્પતિ દ્વૈત સ્વરૂપે થઈ છે. રાત્રિ-દિવસ, પાપ-પુણ્ય, સત્ય-અસત્ય વગેરેની જેમ સ્ત્રી-પુરુષ પણ દ્વૈત સ્વરૂપે જન્મ્યા છે. બીજી રીતે કહીએ તો ઈશ્વરે સૃષ્ટિનું સર્જન ઇવ અને આદમથી શરૂ કર્યું ત્યારથી નારી વિવિધ સ્વરૂપે પ્રગટતી આવી છે. નારી એ માનવ સમાજનું, માનવ સંસારનું સૌથી મોટું અંગ છે. છતાં વ્યક્તિ તરીકે પુરુષનું આધિપત્ય ભારતીય સંસ્કૃતિમાં સર્વોપરિ રહ્યું છે. સમયના બદલાવે ઘણું બધુ બદલાયું છે, પુરુષની માનસિકતા પણ. પરંતુ આ સંદર્ભે આજે વિચાર કરીએ ત્યારે નવેસરથી વિચાર કરવો પડે તેવો સમય આવી ગયો છે. ભારતમાં ધર્મનું પરિબળ દરેક ક્ષેત્રમાં અને દરેક તબક્કે પ્રભાવક રહ્યું છે. એ જોતાં ભારતીય નારીવાદને સમજવા માટે વૈદિક કાળથી આજ સુધી ધર્મએ જે ભાગ ભજવ્યો છે તેને નજરઅંદાજ કરી શકાય તેમ નથી.

**હેતુઓ**

- ગુજરાતી ટૂંકી વાર્તાઓના સર્જનમાં સ્ત્રી-પુરુષ સમાનતાના ખ્યાલો તપાસવા
- ગુજરાતી ટૂંકી વાર્તાઓના સર્જનમાં નારી સંવેદનાને ઓળખવી અને આલેખવી
- ગુજરાતી ટૂંકી વાર્તાઓના સર્જનમાં આલેખાયેલ નારીવાદને વાચા આપવી

**સાહિત્ય સમિક્ષા**

નિયાઝ પઠાણ (2011) - **"साहित्य अकादेमी, दिल्ही द्वारा राष्ट्रीय पुरष्कार से सम्मानित लेखिका डॉ.बिन्दु भट्ट की गुजराती कहानी का अनुवाद बीच दहलीज़"**, (સાહિત્યસેતુ Year-1, Issue 1, Continuous Issue 1, January-February 2011)માં સંશોધકે બિંદુ ભટ્ટના સર્જન ના અનુવાદ સાથે તેમાં ઉદભવતી નારી સંવેદના અને નારિવાદને પણ ન્યાયપૂર્વક આલેખવાનો પુર્ણ પ્રયત્ન કર્યો છે.

**પ્રવીણ** દરજી **(2001) -"અખેપાતર (1999)** : બિન્દુ ભટ્ટની બીજી નીવડેલી નવલકથા. અગાઉની 'મીરાં યાજ્ઞિકની ડાયરી'માં વિરૂપતા વચ્ચે સૌંદર્ય શોધતી સ્ત્રીની મનોસૃષ્ટિ શબ્દાકૃત થઈ હતી તો અહીં જીવનના અનેક ઝંઝાવાતોને અતિક્રમી અશ્રદ્ધાઓ વચ્ચે શ્રદ્ધા ઉપર આવી વિરમતી એક સ્ત્રીની વાસ્તવમઢી કથા છે. એ રીતે 'અખેપાતર' એક સ્ત્રીની, અક્ષયપાત્ર જેવી એક સ્ત્રીની, સંવેદનસૃષ્ટિને તાકે–તાગે છે. આ ધરીરૂપ પાત્ર કંચનબાની આસપાસ જ રચનાનો ફટાટોપ રચાય છે. પછી એ કથા એક સ્ત્રીની રહીને પણ સમગ્ર સંસારની બની રહે છે; એમાં અનેક પાત્રો, પરિવેશો, ભૂભાગો ઉમેરાતાં કંચનબાનું પાત્ર પ્રતીકની કક્ષાએ પહોંચે છે." ગુજરાતી વિશ્વકોશ (https://gujarativishwakosh.org)

ગુજરાતી નોટ્સ (2020)નારીએ અન્યાય સામે લડવા પુરુષ સામે નહિ અને તે માટે પુનઃ ગૃહાગમન કરતી **નારી**ને કરુણ સ્થિતિઓ વડે રજુ થતું વલણ બતાવ્યું છે. તો બિંદુ ભટ્ટની '**ડાયરી**' અને સરોજ પાઠકની '**મન નામે મહાસાગર'** લેરી બયન સબંધો પર આધારિત મનોવેજ્ઞાનીક અભિગમની નવલકથા છે તો કુંદનિકા કાપડીયાની '**સાત પગલા આકાશમાં'** નવલકથામાં નારી વાળની તરફેણ છે. અહીં સુધી લેખિકાઓએ આ રીતે સ્ત્રી ચેતનામાં આવેલા પરિવર્તનોનો કલાત્મક આલેખ જણાય છે." - ગુજરાતી સાહિત્યમાં નારી ચેતના પ્રવાહના ઉદ્ભવ અને વિકાસની રૂપરેખા,ગુજરાતી નોટ્સ,https://www.gujaratinots.com/2020/11/gujartai-saahityma-naari-chetna-prvahna.html.

**ટૂંકી વાર્તાઓ**

આધુનિક કળાસ્વરૂપ લેખે ટૂંકી વાર્તાનો ઉદભવ, પશ્ચિમના સાહિત્યમાં 19મી સદીમાં થયો, પણ તે પછી દોઢ-બે સૈકા જેટલા સમયગાળામાં વિશ્વભરના સાહિત્યમાં ઝડપથી એ સ્વરૂપનું ખેડાણ વિસ્તર્યું છે. આધુનિક માણસના જીવનસંયોગોની વિષમતા અને જટિલતાનું તેમ તેના અંતરની ગહનગંભીર સંવેદનાઓ અને એકલ સ્વરોને સૂક્ષ્મ રૂપે અને ઉત્કટપણે વ્યક્ત કરવાને આ સ્વરૂપ અર્વાચીન સમયના લેખકોને ઘણું અનુકૂળ નીવડ્યું છે. રૂપરચનાની દૃષ્ટિએ આ સ્વરૂપ અનુનેય અને રૂપાંતરશીલ નીવડ્યું છે. એમાં એકકેન્દ્રી વાસ્તવવાદી રીતિની વાર્તાઓ આવે. કેટલીક વાર વાર્તાલેખક કથાવૃત્તાંતમાં અંતર્હિત માનવીય સંઘર્ષ, કટોકટી, તણાવ, પરાકાષ્ઠા અને પ્રતિપરાકાષ્ઠા જેવાં નાટ્યતત્ત્વોને ઉપસાવીને એકાંકી જેવી નાટ્યાત્મક પ્રભાવકતા જન્માવે છે. કેટલીકવાર વાર્તાકાર મુખ્ય પાત્રના માનસિક જીવનનું ઝીણવટભર્યું આલેખન કરીને તેને રેખાચિત્રની નિકટ લાવી દે છે. આધુનિકતાવાદથી પ્રેરિત અનેક લેખકોએ, વળી વર્ણ્ય પરિસ્થિતિ કે ભાવદશાનું પ્રતીકાત્મક રીતિએ નિરૂપણ કર્યું

છે. કલ્પનો પ્રતીકોના પ્રચુર પ્રયોગોને કારણે એવી રચનાઓ સઘન ઉત્કટ ઊર્મિકાવ્યની કોટિએ પહોંચતી દેખાય છે. કેટલીક વાર કપોલકલ્પિત પુરાણતત્વ કે ચમત્કારનાં તત્વોને આશ્રયે એને આગવો પુરાકલ્પિત પરિવેશ પ્રાપ્ત થાય છે. ક્યારેક રાજકારણીઓના વિદૂષકવેશના આવરણમાં કે પ્રાણીકથાના નવતર ઢાંચામાં વ્યંગ ઉપહાસની કથા રચાય છે.ટૂંકી વાર્તા મૂળભૂત રીતે એના સ્વરૂપ અને પ્રયોજનની બાબતમાં, પ્રાચીન સમયની ધર્મનીતિથી પ્રેરિત બોધકથાઓ, આખ્યાયિકાઓ, પ્રાણીકથાઓ, રૂપકગ્રંથિઓ (allegories) કે એ પ્રકારની બીજી ર્દષ્ટાંતકથાઓથી જુદી પડે છે. પરંપરાપ્રાપ્ત કથાઓમાં એકાદ નાનકડું વૃત્તાંત કેન્દ્રમાં હોય, અને એની લાઘવભરી સીધી સુરેખ રજૂઆતને કારણે વાચકના ચિત્તમાં એકતા કે એકાત્મતાનો પ્રભાવ મૂકી જતી. ટૂંકી વાર્તાના સર્જકની રીતિ તેમજ કળાત્મક મૂલ્યોની માવજત કરવાની તેની ર્દષ્ટિ નિરાળી હોય છે. માનવીના મનનાં જાગ્રત-અજાગ્રત સ્તરનાં સંચલનો અને સંવેદનાઓને યુગપત્ ઝીલીને માનવીય વાસ્તવિકતાને તે  સ્વરૂપમાં રજૂ કરે છે. ટૂંકી વાર્તાના લેખકનું મુખ્ય વલણ કેન્દ્રવર્તી પાત્રોના સંકુલ આંતરસંબંધોથી રચાતી ભાવપરિસ્થિતિનું અને તેના આશ્રયે એ પાત્રોની સંવેદનાના અગોચર સ્તરોનો તાગ લેવાનું રહ્યું છે. ટૂંકી વાર્તામાં અલબત્ત, પ્રાણવાન કથાવૃત્તાંત(story)નો આધાર લગભગ અનિવાર્ય છે પણ નર્યું વાર્તાકથન આધુનિક લેખકને અભિપ્રેત નથી. બનાવો, પ્રસંગો વગેરે ઘટકો માનવીય સત્યના દ્યોતક અને સમર્પક અંશો જ રહે છે. વાર્તાને અંતે ઘટનાનો અંત ભલે પૂરેપૂરો રજૂ ન થાય, તેનું ચમત્કૃતિભર્યું સત્ય પૂર્ણપણે પ્રગટ થાય એ આવશ્યક હોય છે. સાચી વાર્તા એના અંતિમ ભાગમાં માનવજીવનની અકળ લીલામય ગતિવિધિનું સૂચન કરતી રહસ્યસભર ક્ષણનો સ્ફોટ કરે છે.આકાર, રચનારીતિ અને શૈલીનિર્માણ પરત્વે આ સ્વરૂપ ખેડનારા લેખકોએ અપાર વૈવિધ્ય સિદ્ધ કર્યું હોવા છતાં એ દરેક રચના ભાવકના ચિત્તમાં મૂળની એકતા કે એકાત્મતાનો  પ્રભાવ મૂકી જાય છે. ઘટનાનું સંયોજન, વર્ણ્યવસ્તુની એકતા, શૈલીની એકરૂપતા કે ભાવપરિસ્થિતિને વ્યાપી લેતો જીવંત પરિવેશ એમાં સમર્પક બને છે. વાર્તાના કળાત્મક સંવિધાનનું એ ર્દષ્ટિએ ઘણું મહત્વ છે. વીસમી સદીના આધુનિકતાવાદી લેખકોએ રચનારીતિ(technique)ના વિનિયોગ પરત્વે અનેકવિધ પ્રયોગો કર્યા છે; પણ ટૂંકી વાર્તાની પ્રાણશક્તિ એની રચનારીતિ કરતાંય વધુ તો તેના લેખકની તીવ્રતમ સંવેદનાઓમાં રહી હોવાનું પ્રતીત થાય છે.

**સ્ત્રી-પુરુષ સમાનતાના ખ્યાલો**

વૈદિક કાળ દરમ્યાન નજર કરીએ તો સ્ત્રી-પુરુષ સમાનતાના ખ્યાલો પ્રચલિત હતા. સ્ત્રીનું સ્થાન પુરુષની સાથે કેન્દ્રમાં હતું. ભગવાન શિવનું અર્ધનારીશ્વરનું સ્વરુપ તેનું પ્રતીક છે. ગાર્ગી કે મૈત્રેયી જેવી જ્ઞાનનિષ્ઠ અને તેજસ્વી સ્ત્રીઓને સમાજમાં ગૌરવપૂર્ણ સ્થાન મળ્યું હતું. આપણી પૌરાણિક કથાઓમાં સીતા, સાવિત્રી, દમયંતી, ગાંધારી, કુંતી, દ્રૌપદી જેવી સ્ત્રીઓની પોતાની એક આગવી ઓળખ હતી. છતાં આ કથાઓમાં પુરુષસત્તા અને પુરુષ આધિપત્યનો પ્રભાવ સતત છવાયેલો દેખાય છે. વાલ્મીકિએ સીતાનું સર્જન કર્યું, વ્યાસે દ્રૌપદીનું અને કાલિદાસે શકુન્તલાનું સર્જન કર્યું. પરંતુ છેવટે તો એ એક પુરુષ ચેતનના મનોજગતનું પરિણામ હતુ.આપણે અહલ્યા, શકુન્તલા, દમયંતી કે સીતાની પૌરાણિક કથાઓ જોઈએ તો ચારેય કથાઓના કેન્દ્રમાં પુરુષ દ્વારા એક યા બીજી રીતે સ્ત્રીનો પરિત્યાગ છે. પછી ભલેને એમાં સમાધાન માટે જુદાજુદા નુસ્ખાઓ ગોઠવાયા હોય. ગૌતમ સાથે વિશ્વાસભંગનો, દુષ્યંત સાથે સ્મૃતિભ્રંશનો, નળ સાથે કલિપ્રવેશનો અને રામ સાથે રાજધર્મનો પ્રપંચ છતાં પુરુષ સત્તાપૂર્વક સંપતિ હડસેલતા હોય એમ સ્ત્રીને હડસેલવાનો મુદ્દો ચારેય કથાના કેન્દ્રોમાં રહે છે. આમ પૌરાણિક અને ધર્મશાસ્ત્રોના સમયમાં સ્ત્રીનું સ્થાન નિમ્ન કક્ષાએ પહોંચી ગયું હતું. મનુસ્મૃતિના રચયિતા મનુએ સ્ત્રીઓ માટે અનેકાનેક નિયંત્રણો-નિયમો બનાવ્યા. મધ્યયુગમાં સ્ત્રી પોતાની શક્તિઓ અને સમાર્થ્યને ભૂલી જઈને સબળ અબળા બની ગઈ. મીરાં, લલ્લા, મુક્તા, આકા, જનાબાઈ જેવી આંગળીને વેઢે ગણાય એવી મહિલાઓએ

સમાજના કુરિવાજોનો ખુલ્લો વિરોધ કરીને સ્ત્રી શક્તિનો પરિચય આપ્યો પણ તેની વ્યાપક સ્ત્રી સમાજ પર અસર નહિવત જેવી.

આમ, ભારતીય સંસ્કૃતિની વાત કરીએ તો સ્ત્રીની

कार्येषुदासी, करणेषुमंत्री, भोज्येषुमाता, शयनेषुरम्भा।
धर्मानुकूलाक्षमयाधरित्री, भार्याचषाड्गुण्यवतीहदुर्लभा॥

એમ કહી તેના વિવિધ રૂપોની પ્રશંસા કરવામાં આવતી. તેને દેવી કે શક્તિ કહી નવાજવામાં આવતી. આથી સાહિત્યમાં આનો પડઘો સ્ત્રીના ચારિત્રલેખનમાં સતત પડઘાયા કરે છે. સાહિત્યમાં સ્ત્રી પતિવ્રતા, સતી, ગૃહલક્ષ્મી એટલે કે એક આદર્શમૂર્તિને અંકિત કરે છે.

**સાહિત્યક્ષેત્રે સ્ત્રીલેખન**

સાહિત્યક્ષેત્રે પ્રથમવાર સ્ત્રીલેખન, સ્ત્રીયોચિત લેખન, અને નારિવાદ લેખનના ભેદ બહાર આવ્યા, એક તબક્કે નારી એક બલીનો અભિગમ લઈને આવતી સંસ્કૃતિના ઊંડા રોપાયેલા પૂર્વગ્રહને કારણે સમર્પિત, શોષિત અને સક્રિય નારીના ચિત્રણો થયા. નારિવાદી વિવેચન ભલે પશ્ચિમમાં ઉદ્દભવયુ હોય પણ નારી ઉત્કર્ષની વાત માત્રને માત્ર ભારતીય ઓળખ છે. સ્ત્રી શોષણ અને દમનની સમસ્યા માનવજાતના ઈતિહાસ જેટલી જ પુરાણી છે. ઘણા અભ્યાસો અને સંશોધનો આ સમસ્યાના મૂળને શોધવા માટે થયા. ઘણા નિર્ણયો અને પરિણામો આવ્યા છતાં જુદાં જુદાં સમયે અને જુદાં જુદા સ્વરૂપે નારી શોષણની સમસ્યા અવિરતપણે ચાલુ જ રહી છે. આથી જ અનેક બુદ્ધિજીવીઓ, શિક્ષણાચાર્યો, રાજપુરુષો અને નારિવાદીઓને આ પ્રશ્ન પુનઃ વિચારવા પ્રેરે છે.

આ નારીલેખનની ગુજરાતી સાહિત્યમાં પરંપરા લીલાવતી મુનશી, વિનોદીની નીલકંઠ અને લાભુ બહેન મહેતા જેવી સ્ત્રી લેખિકાઓએ શરૂ કરી તો વીસમી સદીના ઉત્તરાર્ધમાં કુંદનિકા કાપડિયા, ધીરૂબહેન પટેલ, ઇલા આરબ મહેતા, સરોજ પાઠક, વર્ષા અડલજા વગેરેએ પુરુષ વર્ગ તરફના ગર્ભિત આક્રોશ નવલકથાઓમાં રજૂ કર્યો. આ આક્રોશમાં એક જ ઢબે નહીં પરંતુ નવી તરહથી અને તાસીરથી જુદી પડે છે.

**મર્યાદાઓ**

પ્રસ્તુત સંશોધન પત્ર ફક્ત ગુજરાતી ટૂંકી વાર્તાઓના લેખન કાર્યને ધ્યાનમાં લઈને રજૂ કરવામાં આવ્યું છે અને તેમાં પણ તેમના સાહિત્યમાં પ્રસ્તુત નારિવાદ અને નારીના મનોવલણોનો જ વિસ્તૃત પરિચય આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. લેખિનના અન્ય કોઈ પાસાને અહી આવરવામાં આવ્યાં નથી.

**ઉપસંહાર:**

**"કથા માળા કે જિંદગાની છે સરખી**
**કે જ્યાં મેર પછી મણકો આવે છે"**

(બિંદુ ભટ્ટ પાન. 28)

આમ, નારિવાદ સ્વતંત્ર્યોત્તર પહેલાંથી શરૂ થયેલું નારી નિરૂપણ જમાનાની ચાલે બદલાતું આવતું હોવા છતાં જર્મન કવિ ગ્યોથે કહ્યું છે તેમ – "જે જીવે છે તેનું જીવન છે અને જે જીવે છે એને પરીવર્તન માટે તૈયાર રહેવું જોઈએ."(પટેલ ભોળાભાઈ પાનાં. 5) એ પ્રમાણે નવી નારીના સતને પ્રગટ કરનારા પાત્રચિત્રણ દ્વારા તેમના લેખોમાં તેઓ કલાત્મક નિરૂપણ લઈને નવી જ તાસીર બતાવે છે. બિંદુબેન ભટ્ટની લઘુનવલ 'મીરાં યાજ્ઞિકની ડાયરી' અને સુવર્ણાની વાર્તા 'તો તો કેવું સારું' માં લેસ્બિયન સંબંધોનું વિષયવસ્તુ ખૂબ હિંમતભેર લઈ આવ્યા છે.બિંદુ ભટ્ટના તેમજ અન્ય લેખકોના આ લેખોનો સંક્ષિપ્ત પરિચય મેળવ્યા પછી અને નવલકથામાં સ્ત્રીઓનું ચિત્રણ જોયા પછી એવું કહી શકાય કે આધુનિક એકવીસમી સદીના પ્રશ્નો, સમસ્યા થોડાં જુદા છે. સતીપ્રથા,

બાળલગ્નો, વિધવાની અવદશા અંતરિયાળ વિસ્તારોમાં આજે પણ છે જ. પણ હવે ભ્રૂણહત્યા, બળાત્કાર, મારપીટ, દહેજપ્રથા વગેરેની સાથે સ્ત્રીના આર્થિક સ્વાતંત્ર્ય અને સમાનતા માટે સ્ત્રી ઝઝૂમે છે. ઉચ્ચ-મધ્યમવર્ગની શહેરી શિક્ષિત સ્ત્રીઓની સમસ્યા, સંઘર્ષ, અવગણના હવે છાના રહ્યા નથી. આ બધાને લીધે તાણ અને દ્વિધા અનુભવતી સ્ત્રીનું સર્જકો દ્વારા સાહિત્યકૃતિમાં આલેખન થાય તે જરૂરી છે. સ્ત્રીની જેમ બોલવું અને સ્રી હોઈને બોલવું એ બે વચ્ચે મોટો ભેદ છે. તેથી જ સ્ત્રી લેખિકા દ્વારા લખાયેલી નવલકથામાં સ્ત્રી ને તેના મૂળ સ્વરૂપમાં રજૂ કરાઈ છે. આ સ્ત્રીચરિત્રો સજાગ અને સચેત છે. કોઈ તેનો લાભ ન ઉઠાવી જાય તે માટે સાવધ છે. પુરુષશાસિત સમાજ સામે વિદ્રોહ છે છતાં પરંપરા સાથે અનુબંધ પણ છે.અત્યાર સુધી રચાયેલા સાહિત્ય પર નજર ફેરવતા એટલું તો સ્પષ્ટ થાય છે કે સ્ત્રી માટે ત્યાગ, સહનશીલતા, સમર્પણ જેવા શબ્દો જૂના થઈ ગયા છે. સ્ત્રીને આદર્શ કે કલ્પનામૂર્તિ તરીકે નહિ પણ એક સ્ત્રી તરીકે જ જોવી ઘટે.નારીચેતના અને નારી જાગૃતિના પરિણામો સાહિત્યમાં હવે દેખાવા લાગ્યા છે. આવનારો સમય ઘણી બધી રીતે નીર-ક્ષીરનો વિવેક કરીને યોગ્ય સંદર્ભમાં નારીનું ખરું સ્વરૂપ અને તેનું સામાજીક સ્થાન પ્રગટાવી રહેશે તેમાં કોઈ શંકા નથી. એટલે કે આપણને શ્રદ્ધા રાખવાના ભરપૂર કારણો છે.

**સંદર્ભ સૂચિ :**


1) પટેલ ભોળાભાઈ નારીવાઈ વિશેષાંક 'પરબ' ૧૯૯૦ જુલાઇ
2) ભટ્ટ બિંદુ અખેપાતર ૧૯૯૯
3) સં. હર્ષદ ત્રિવેદી અલંકૃતા ગુજરાત સાહિત્ય અકાદમી ૨૦૦૮
4) દલીચા બટુક 'સંચિત' ગુર્જર કાર્યાલય ૧૯૭૭
5) ગુજરાતી સાહિત્યનો આઠમો દાયકો. ગુજરાત સાહિત્ય પરિષદ. ૧૯૮૨
6) હરીશ, રંજના, સં. શક્તિ. ૨૦૦૩
7) https://gu.wikipedia.org/wiki/બિંદુ_ભટ્ટ
8) https://www.divyabhaskar.co.in/news/DSHR-LCL-women-pride-bindu-bhatt-gujarati-women-writer-gujarati-news-5919033-NOR.html
9) https://gujarativishwakosh.org/બિંદુ_ભટ્ટ
10) http://sahityasetu.co.in/issue45/arvind.php
11) https://gujlit.com/profile.php?pId=56&બિંદુ_ભટ્ટ



**ડૉ. રાજેન્દ્રકુમાર કે. મકવાણા**
શ્રી એસ.આર. ભાભોર
આટ્‌ર્સ કોલેજ , સિંગવાડ.